## અંકલેશ્વરમાં ડ્રાઇવરે કાબૂ ગુમાવતાં કેમિકલ ભરેલું ટેન્કર ઊંધું પડ્યું



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર-વાલિયા રોડ પર કોસમડી નજીક યોગી એસેટ પાસે, કોંઢ-66 કેવી સબ-સ્ટેશન નજીક કેમિકલ ભરેલું ટેન્કર પલટી ખાઈ ગયું હતું. વાલિયા તરફ જઈ રહેલા ટેન્કરે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં રોડ સાઈડ પર ઊતરી ઊંધું પડ્યું હોવાનુ જાણવા મળ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો અને પ્રશાસન સ્થળ પર પહોંચ્યું હતું. ટેન્કરમાં કેમિકલ હોવાની આશંકાને પગલે સાવચેતીનાં પગલાં લેવાયાં હતાં. સદભાગ્યે અકસ્માતમાં ડ્રાઇવરને કોઈ ગંભીર ઈજા થઈ ન હતી અને તેનો બચાવ થયો હતો. અકસ્માત બાદ ટ્રાફિકમાં થોડો સમય અડચણ સર્જાઈ હતી.

# રસ્તાના નામે ખનીજ ચોરી કૌભાંડ

**વાગરાના** વેંગણીમાં વિકાસના નામે જમીન વેતરી નાંખી

**કલેક્ટરની** પૂર્વ મંજૂરી અનિવાર્ય, છતાં પંચાયત સત્તાધીશોએ કંપનીને ખુલ્લો દોર આપી દીધાનો આક્ષેપ

**3647** મેટ્રિક ટન માટી અને 42 મેટ્રિક ટન બ્લેક ટ્રેપની ઉઠાંતરી, 17.87 લાખથી વધુનો દંડ ફટકારાયો

ભરૂચઃ વાગરાના વેંગણી ગામે સરકારી મિલકતનું રક્ષણ કરનારી ગ્રામ પંચાયતે જ વાડ થઈને ચીભડાં ગળ્યાં હોય તેવો ઘાટ સર્જાયો છે. પંચાયતના જવાબદારોએ એક ખાનગી કંપની જી.આર. એન્જિનિયરિંગ પ્રા. લિ. સાથે સાંઠગાંઠ કરી સરકારી તિજોરીને લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું હોવાનું કૌભાંડ સપાટી પર આવ્યું છે. જાગૃત નાગરિક ઘનશ્યામસિંહ મહેન્દ્રસિંહ રાજ દ્વારા મંગળવારે ફરિયાદ નિવારણ શાખા ભરૂચ કલેક્ટરને લેખિત કરી છે. જેમાં જણાવ્યું છે કે પંચાયતે સત્તા બહાર જઈ મંજૂરી વિના સરકારી જમીન પર રસ્તો બનાવવાની ગેરકાયદે પરવાનગી આપી હતી. જેની આડમાં મોટાપાયે માટીની ચોરી કરવામાં આવી છે. આ કૌભાંડની શરૂઆત પંચાયતના એક વિવાદાસ્પદ ઠરાવથી થઈ હતી. વેંગણી ગ્રામ પંચાયતે તા.17/12/2024ના રોજ ઠરાવ નં. 4(2) પસાર કરી કંપનીને સરકારી સરવે નં.126, 242 અને 244 પર રસ્તો બનાવવાની શરતી મંજૂરી આપી દીધી હતી. નિયમ મુજબ કલેક્ટરની પૂર્વ મંજૂરી અનિવાર્ય હોવા છતાં, પંચાયત સત્તાધીશોએ કંપનીને ખુલ્લો દોર આપતાં કંપનીએ રોયલ્ટી પાસ વિના સરકારી જમીન ખોદી હજારો ટન માટી પોતાની સાઈટ પર ખડકી દીધી હતી.

ગ્રામજનોની રજૂઆત બાદ ખાણ અને ખનીજ વિભાગે 1 જુલાઈ-2025ના રોજ સ્થળ તપાસ હાથ ધરતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. તપાસમાં ખૂલ્યું હતું કે કંપનીએ સરકારી સરવે નંબરો અને ખાનગી સરવે નં.133 માંથી કુલ 3647 મેટ્રિક ટન સાદી માટી અને 42 મેટ્રિક ટન બ્લેક ટ્રેપ ખનીજનું બિનઅધિકૃત ખનન કર્યું હતું. આ ગેરકાયદે કૃત્ય બદલ વિભાગે કંપનીને દંડ અને પર્યાવરણીય નુકસાની વળતર પેટે કુલ રૂ.17.87 લાખથી વધુની રકમ ભરપાઈ કરવા નોટિસ ફટકારી છે.

અરજદારોએ આક્ષેપ કર્યો છે કે આ પૂર્વયોજિત કાવતરું છે અને પંચાયતને જાણ હોવા છતાં આંખ આડા કાન કરવામાં આવ્યા હતા. આથી સરપંચ અને તલાટીને ફરજમાં બેદરકારી અને હોદ્દાના દુરુપયોગ બદલ તાત્કાલિક અસરથી દૂર કરવા અને તેમની સામે પોલીસ ફરિયાદ નોંધવા માંગ કરી છે. વેંગણી ગામના કિસ્સામાં પણ અરજદારના સતત ફોલોઅપ બાદ જ તંત્ર હરકતમાં આવ્યું હતું.

## આમોદમાં અઢી માસમાં 180 લોકો પર કૂતરાંએ હુમલો કર્યો

**તંત્ર** દ્વારા રખડતાં 15 કૂતરાંને પકડી હડકવા વિરોધી રસી અપાઈ

આમોદ, ભરૂચઃ આમોદ નગરમાં છેલ્લા ત્રણ દિવસમાં રખડતા કૂતરાએ અલગ અલગ વિસ્તારમાં નાનાં બાળકો સહિત 11 લોકોને બચકા ભરતા હાહાકાર મચાવ્યો હતો. જેથી નગરજનો તેમજ બાળકોનાં માતાપિતા પણ ભયભીત બન્યાં હતાં. જે બાબતે લોકોએ આમોદ પાલિકાના મુખ્ય અધિકારીને ઉગ્ર રજૂઆત કર્યા બાદ પાલિકા તંત્ર હરકતમાં આવ્યું હતું અને રખડતા કૂતરાને પકડી તેમનું રસીકરણ કરવામાં આવ્યું હતું. છતાં પણ કેટલાક વિસ્તારોમાં રખડતાં કૂતરાંનો ત્રાસ યથાવત રહેવા પામ્યો છે. ત્યારે આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી મળેલી માહિતી મુજબ છેલ્લા અઢી મહિનામાં આમોદ નગર સહિત તાલુકામાંથી 180 વ્યક્તિને રખડતા કૂતરાએ હુમલો કરી લોહીલુહાણ કર્યા હોવાની માહિતી મળી છે. આમોદ પાલિકા તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે આમોદના પશુ ચિકિત્સક ડો.મિતેશ પરમારે પકડાયેલાં 15 જેટલાં રખડતાં કૂતરાંને હડકવાવિરોધી રસીનો પ્રિ-ડોઝ આપ્યો હતો. જેથી લોકોમાં ગભરાટ ઓછો રહે. ત્યારે હજુ પણ કેટલાક વિસ્તારોમાં કૂતરાંનો ભય યથાવત છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નેત્રંગના ભોટનગર ગામે બે બાઇક અથડાતાં એકનું મોત

નેત્રંગ: ભોટનગરના નિશાળ ફળિયામાં રહેતા ૫૦ વર્ષીય ધનજીભાઈ પારસીંગભાઈ વસાવા પોતાની બાઇક નં.(જીજે-૧૬-બીઇ-૭૧૨૮) પર પરત ફરી રહ્યા હતા, ત્યારે નવી વસાહત પાસેના વળાંક પર સામેથી આવતા ઉમલ્લા ગામના બાઇક નં.(જીજે-૧૬-એએમ-૨૪૮૮)સવાર દિનેશભાઈ વસાવાએ તેમની બાઇકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ધનજીભાઈને માથા અને શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને પ્રથમ નેત્રંગ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ૬ દિવસની સારવાર બાદ તેમનું મોત થયું હતું. અકસ્માતમાં અન્ય એક યુવકને પણ નાની-મોટી ઈજા થઈ હતી.

### નર્મદા જિલ્લામાં ફોર્મ નં.7ની અરજી પર શંકા, AAPએ પુરાવા માંગ્યા

સુરત: નર્મદા કલેક્ટર કચેરી ખાતે મંગળવારે રોલ ઓબ્ઝર્વર સચિવ સંદીપ સાંગલેના અધ્યક્ષ સ્થાને તમામ રાજકીય પક્ષોના આગેવાનો સાથે SIR અંતર્ગત એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આમ આદમી પાર્ટીના નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ હાજર રહી ફોર્મ નં.7 મુદ્દે વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવતા ઉગ્ર રજૂઆત કરી હતી. નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં ફોર્મ નં.7 (નામ કમી કરવા અંગેના વાંધા)ની 10,000થી વધુ અરજીઓ આવી છે, જે અત્યંત ગંભીર બાબત છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે આટલી મોટી સંખ્યામાં અરજદારો ક્યારે કચેરીએ આવ્યા અને અરજીઓ કરી તેની કોઈ સ્પષ્ટતા નથી. આથી, તેમણે વહીવટી તંત્ર પાસે અરજદારોની રજિસ્ટર એન્ટ્રી અને તે સમયનાં સીસીટીવી ફૂટેજની કોપી આપવાની માગણી કરી છે. AAP નેતાએ આક્ષેપ કર્યો હતો કે, તેમના BLO દ્વારા વારંવાર માહિતી માંગવા છતાં વહીવટી તંત્ર દ્વારા આજદિન સુધી કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો નથી.

### સાગબારાના ખોચરપાડામાં મારણ ખાવાની લાલચે દીપડો પાંજરે પુરાયો



સાગબારા:સાગબારાના ખોચરપાડામાં થોડા સમય પહેલા દીપડો દેખાતાં ગ્રામજનોએ વન વિભાગને જાણ કરી હતી. જેને લઈ પાંજરા સાથે જ બકરાનું મારણ પણ મૂકવામાં આવ્યું હતું. મારણ કરવાના ઈરાદે પાંજરામાં દીપડો પુરાઈ જતાં ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો. વન વિભાગે દીપડાને પાંજરે પૂરી રાજપીપળા ખાતે પહોંચાડ્યો હતો. જેને લઈ સુરક્ષિત સ્થળે મુક્ત કરવાની કાર્યવાહી હાથ ધરાશે એમ જાણવામાં મળ્યું છે.

### કીમ રેલવે ઓવરબ્રિજ પર ટેમ્પોની ટક્કરે કિશોરનું મોત



કીમઃ સોમવારની રાત્રે કીમ રેલવે ઓવરબ્રિજ ઉપર આઇસર ટેમ્પો (નં. GJ 16 AW 2642)ના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવી સાઈકલસવારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કીમ ગામ આશીયાના નગર વિસ્તારના સામાપીર મંદિર પાસે રહેતા મનોજભાઈ વિજયભાઈ ભરવાડ (ઉ.વ.૧૩)ને માથા, પેટ તથા કમરના ભાગે ગંભીર ઇજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે ટેમ્પોચાલક મનસુખ વસાવા (રહે., અલમાવડી, તા. ડેડીયાપાડા) વિરુદ્ધ ગુનો નોંધી તેની અટકાયત કરી હતી.

### ભરૂચમાં દારૂની હેરાફેરી કરતો કુખ્યાત 'હોઠ ફાટલો' ઝડપાયો

ભરૂચ: ભરૂચ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે કસક ગોલ્ડન બ્રિજ પાસે રહેતો વિશાલ પરમાર ઉર્ફે હોઠ ફાટલો બર્ગમેન મોપેડ પર બ્રાન્ડેડ દારૂ ભરેલી બે ટ્રોલી બેગ લઈને જવાનો છે. બાતમીના આધારે પોલીસે શીતલ સર્કલ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન હોઠ ફાટલો ત્યાં આવતાં ટીમે તેને અટકાવી તેની પાસેની ટ્રોલી બેગની તલાસી લેતાં તેમાંથી કુલ 91 હજારથી વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તેની પાસેથી વિદેશી દારૂ તેમજ મોપેડ મળી કુલ 1.41 લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ આ દારૂનો જથ્થો વલસાડની રુબીના નામની મહિલા સપ્લાયર પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રુબીના રેલવે મારફતે ભરૂચના ઈન્દિરાનગર ઝૂપડપટ્ટી વિસ્તારમાં વિદેશી દારૂનો વેપલો કરતા દિનેશ ઉર્ફે બબુલને પણ દારૂ સપ્લાય કરે છે તેવી નોંધ અગાઉ દિનેશ પર થયેલી ફરિયાદોમાં લેવામાં આવી હતી.

11 માસના લાંબા સમયગાળા બાદ રાખેલી

# આમોદ પાલિકાની સભા પ્રમુખની નાદુરસ્ત તબિયતને લીધે મુલતવી

**મનસ્વી** ખર્ચા પાડતાં નાદુરસ્ત તબિયતનું બહાનું બતાવી સભા મુલતવી રાખી હોવાનો વિપક્ષનો આક્ષેપ



આમોદ, ભરૂચઃ આમોદ નગરપાલિકાના પ્રમુખે મંગળવારે બપોરે બે કલાકે બોલાવેલી ખાસ સામાન્ય સભા પોતે નાદુરસ્ત તબિયતને કારણે સભા મુલતવી રાખી હોવાનું પાલિકા બહાર નોટિસ મારી જાણ કરી હતી. જેથી વિપક્ષી સભ્યો રોષે ભરાયા હતા.

આમોદ નગરપાલિકામાં આશરે 11 માસના લાંબા સમયગાળા બાદ ખાસ સામાન્ય સભા બપોરે 2 વાગ્યે અને સામાન્ય સભા બપોરે ૩ વાગ્યે પ્રમુખના અધ્યક્ષ સ્થાને બોલાવવામાં આવી હતી. જો કે, ઓફિસ સમય દરમિયાન નગરપાલિકાના નોટિસ બોર્ડ ઉપર પ્રમુખ દ્વારા લેખિત સૂચના મૂકવામાં આવી કે તેમની તબિયત નાદુરસ્ત હોવાના કારણે આજની ખાસ સામાન્ય સભા તેમજ સામાન્ય સભા મુલતવી રાખવામાં આવે છે અને ટૂંક સમયમાં નવી તારીખ જાહેર કરવામાં આવશે. સામાન્ય સભાનો નિર્ધારિત સમય થતાં સત્તાધારી પક્ષના માત્ર એક સભ્ય બીજલ ભરવાડ તથા વિપક્ષના નવ સભ્યો હાજર જોવા મળ્યા હતા. જ્યારે સભાખંડ પણ બંધ હાલતમાં જોવા મળ્યો હતો તેમજ મુખ્ય અધિકારી પણ ગેરહાજર જોવા મળ્યા હતા.

સામાન્ય સભા રદ થવા મુદ્દે વિપક્ષના સભ્ય શકીલ કાપડિયાએ આક્ષેપ કર્યો હતો કે સત્તાધારી પક્ષના સભ્યો અને મુખ્ય અધિકારી દ્વારા થયેલા મનસ્વી ખર્ચાઓ અંગે ચર્ચા ટાળવા માટે બેઠક મુલતવી રાખવામાં આવી હતી. જેના કારણે નગરનાં વિકાસ કાર્યો પર અસર પડી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજના એજન્ડામાં મહત્ત્વના વિકાસલક્ષી મુદ્દા સામેલ હતા.

આ બાબતે પ્રમુખ જલ્પાબેન પટેલે જણાવ્યું હતું કે, હું આમોદ સરકારી હોસ્પિટલ ખાતે તબિયત નાદુરસ્ત હોવાને કારણે સારવાર હેઠળ છું. જેથી આજની સામાન્ય સભા મુલતવી રાખવામાં આવી હતી અને ટૂંક જ સમયમાં નવી તારીખ જાહેર કરી સભા યોજવાની ખાતરી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આમોદ નગરપાલિકા પ્રમુખ દ્વારા છેલ્લા એક વર્ષથી ત્રિમાસિક હિસાબો મંજૂર કર્યા વગર આડેધડ ખર્ચા કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેથી શાસક પક્ષના સભ્યો પણ પાલિકા પ્રમુખના વહીવટથી નારાજ હોય શાસક પક્ષના સભ્યો સામાન્ય સભા સ્થળે આવ્યા નહોતા.

# કઠોર સહકારી મંડળીની ચૂંટણીમાં વર્તમાન પ્રમુખની પેનલ વિજેતા

**પરિવર્તન** પેનલના પ્રમુખ પદના દાવેદાર નવીનચંદ્ર મોદી હાર્યા



કામરેજ : કઠોર વિભાગ નાગરિક બચત અને ધિરાણ સહકારી મંડળીના 15 કમિટી સભ્યો માટે થયેલા મતદાનની મતગણતરીમાં ઊગતા સૂર્યની પેનલના 11 કમિટી સભ્યો, પરિવર્તન પેનલના બે અને બે અપક્ષ ઉમેદવારનો વિજય થયો હતો.

મંડળીની આ ચૂંટણીમાં વર્તમાન પ્રમુખ પંકજ પટેલની ઉગતા સૂર્યની પેનલના અબ્રામા, વેલંજા, મહિલા અનામત તેમજ એસ.સી.-એસ.ટી બેઠક મળી ચાર કમિટી સભ્યોની બિનહરીફ વરણી થઈ હતી. જ્યારે કામરેજ-નવાગામ અને મહિલા અનામતના કમિટી અપક્ષ ઉમેદવારોની બિનહરીફ વરણી થઈ હતી. કઠોર સહિત 15 કમિટી સભ્યો માટે ઉગતા સૂર્યની પેનલ ની સામે પરિવર્તન પેનલ મેદાને ઊતરી હતી. રવિવારના રોજ થયેલા મતદાન બાદ સોમવારે થયેલી મતગણતરીમાં આંબોલી કમિટી સભ્ય પદ માટે 254નું મતદાન થયું હતું. ઊગતા સૂર્યની પેનલના દેવેન્દ્રસિંહ ઈશ્વરસિંહ પરમાર 172 મત મળતાં 90 મતે વિજેતા, કામરેજ ચાર રસ્તા કમિટી સભ્યો પદે અપક્ષ ઉમેદવાર કોંગ્રેસના આગેવાન ભગવાન ભીખાભાઈ ભરવાડને 144 મત મળ્યા અને 3 મત રદ થતાં 66 મતે વિજેતા થયા હતા. જ્યારે ખોલવડના કમિટી સભ્ય માટે 206નું મતદાન થયું હતું. ઊગતા સૂર્યની પેનલના એડવાકેટ એવા હિમાંશુ કાંતિલાલ સુરતીને 149 મત મળતા 126 મતે વિજેતા, નવી પારડી-ધોરણ પારડી-ચોર્યાસીના કમિટી સભ્ય પદ માટે 254નું મતદાન થતાં અપક્ષ ઉમેદવાર હિરેન તનસુખભાઈ લાડને 144 મત મળ્યાને 3 મત રદ થતાં 12 મતે વિજેતા થયા હતા. જ્યારે કઠોર ગામના 11 કમિટી સભ્ય માટે થયેલા મતદાનમાં વર્તમાન પ્રમુખ પંકજ પટેલની ઊગતા સૂર્યની પેનલના પંકજ હિરાલાલ પટેલને 854 મત, કલ્પેશ ચંદ્રકાંત ભાવસારને 854 મત, અબ્બાસઅલી તાલેબઅલી મોમીન અને ભરતભાઈ ભીખુભાઈ પટેલને 776 મત, વિકાસ ઠક્કરને 717 મત, અનિલ ઈશ્વરલાલ ટેલરને 713 મત, પરેશ સોમેશ્વર ત્રિવેદીને 689 મત, જીગ્નેશ ઉર્ફે લાલુ કાંતિલાલ પટેલને 674 મત, મંગલેશ નાનુભાઈ પટેલને 639 મત મળતા કુલ પેનલના 9 ઉમેદવારો વિજેતા થયા હતા. જ્યારે પરિવર્તન પેનલના આશિષ રમેશભાઈ ચૌહાણને 678 મત અને દિવ્યેશ મહેન્દ્રભાઈ રાજાવાલાને 643 મત મળતા વિજેતા થયા હતા. પરિવર્તન પેનલના પ્રમુખ પદના ઉમેદવાર નવીનચંદ્ર બળવંતરાય મોદીની પણ હાર થઈ હતી.

## ઉચ્છલમાં મંદબુદ્ધ યુવતીની લાજ લેવાનો પ્રયાસ

વ્યારાઃ ગત રવિવારે સાંજે 7.45 વાગ્યાના સુમારે તાપીના ઉચ્છલ તાલુકાના એક ગામમાં દુકાને જઈ રહેલી 18 વર્ષીય માનસિક અસ્થિર મગજની યુવતી પર ગામના જ સ્થાનિક રહીશે દાનત બગાડતા છેડતી કરી યુવતીને રસ્તા પરથી આંતરી બંધ ઘરનાં ઓટલા ઉપર લઈ જઈ કપડાં ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. સુનીલ વસાવા નામના નરાધમે યુવતીનાં કપડાં ઉતારવાની કોશિશ કરતાં યુવતીએ સ્વબચાવમાં પોતાની પાસેની બેટરી સુનીલ વસાવાને માથામાં મારી દીધી હતી. આથી પથ્થર લઈ મારવાના પ્રયાસ સાથે યુવતીએ બૂમો પાડતાં નરાધમ સુનીલ ભાગી ગયો હતો. યુવતીએ પોતાના ઘરે જઈ સમગ્ર ઘટના અંગે માતાપિતાને જાણ કરતાં યુવતીનાં માતાપિતાએ ઉચ્છલ પોલીસ મથકે સુનીલ વસાવા સામે ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી સુનીલ વસાવાને પકડવા કાર્યવાહી હાથ ધરી છે.

# લાખોનો એલ્યુમિનિયમ સ્ક્રેપ બારોબાર વગે કરતાં 7 ઝડપાયા

**વલથાણ** પાસે હેરાફેરી કરાતી હતી ને પોલીસ ત્રાટકી, રૂ.23.55 લાખની મતા કબજે

**સુરતની** કંપનીએ ગાઝિયાબાદથી સ્ક્રેપ મંગાવ્યો હતો

**ટેમ્પોચાલક** અને સાગરીતોએ રાજસ્થાન, વડોદરા, કામરેજમાં સ્ક્રેપ વેચી નાંખ્યો

પલસાણાઃ સુરતની નેશનલ ઈન્ડસ્ટ્રીઝ કંપનીએ ગાઝિયાબાદની L|T કંપનીમાંથી એલ્યુમિનિયમ સ્ક્રેપનો જથ્થો મંગાવ્યો હતો. આ જથ્થો આઈસર ટેમ્પો (નં. HR 47 H 8448)માં ભરીને સુરત લાવવામાં આવી રહ્યો હતો. જો કે, ટેમ્પોના ચાલકે અન્ય સાગરીતો સાથે મળીને રસ્તામાં અલગ-અલગ જગ્યાએ આ કિંમતી સ્ક્રેપ બારોબાર વેચી દીધો હતો. તેઓએ રાજસ્થાનમાં ઉદયપુર પાસે ૪૦૦-૫૦૦ કિ.ગ્રા., વડોદરા નજીક ૩૦૦ કિ.ગ્રા. અને કામરેજ ખાતે ૪૨૫ કિ.ગ્રા. જેટલો સ્ક્રેપ વેચી દીધો હતો.

સુરત ગ્રામ્ય એલસીબીને બાતમી મળી હતી કે વલથાણ ગામ પાસે ને.હા.૪૮ પર સર્વિસ રોડ પર એક આઈસર ટેમ્પોમાંથી બોલેરો પિકઅપમાં ચોરીનો મુદ્દામાલ સગેવગે કરવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી ઘટનાસ્થળેથી તમામ આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે આ ગુનામાં સાત શખ્સોની ધરપકડ કરી છે, જેમાં ટેમ્પો ડ્રાઈવર અભેંદ્રસિંહ અજીત સિંહ (રહે., ચૂરું, રાજસ્થાન) અને ક્લીનર જેસિંગ શક્તિસિંહ શેખાવત (રહે., સાલાસર, જયપુર, રાજસ્થાન)નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સ્ક્રેપ ખરીદનાર અને બોલેરો ચાલક ભૈરૂલાલ લક્ષ્મિલાલ ગુજ્જર (મૂળ રહે., રાજસમંદ, રાજસ્થાન), નિરભેસિંહ ઉર્ફે રાજુ ગુર્જર અને શિવેન્દ્રસિંહ ભવરસિંહ રાજપુત (તમામ રહે., ઉદ્યોગ નગર, કામરેજ)ની પણ ધરપકડ કરવામાં આવી છે. ભંગારના વેપારીઓ સમશેરઆલમ રફિજ્યોદીન (રહે., વાવ, તા. કામરેજ) અને જગદીશ મોલારામ દેવાંશી (રહે., રામનગર સોસાયટી, કામરેજ, મૂળ રહે., ઝાલોર રાજસ્થાન)ને પણ ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે કુલ રૂ. ૨૩,૫૫,૫૦૦ ની કિંમતની મતા જપ્ત કરી છે. જેમાં આશરે ૩,૮૫૦ કિ.ગ્રા. એલ્યુમિનિયમ સ્ક્રેપ, જેની કિંમત રૂ. ૭,૭૮,૦૦૦ થાય છે, તે જપ્ત કરાયો છે. આ સાથે જ રૂ. ૧૦,૦૦,૦૦૦ ની કિંમતનો આઈસર ટેમ્પો, રૂ.૫,૦૦,૦૦૦ની કિંમતની બોલેરો પિકઅપ, ૮ મોબાઈલ ફોન અને રૂ. ૨૭,૦૦૦ની રોકડ રકમ પણ કબજે કરવામાં આવી છે.

# લગ્નના બહાને દુષ્કર્મ, લગ્નની તારીખ નક્કી કરી ને યુવતીને છોડી!

**પીપોદરાની** યુવતી સાથે શરીર સંબંધ બાંધી લગ્નની ના પાડનાર સુરતના યુવાન સામે ફરિયાદ

હથોડાઃ પીપોદરા વિસ્તારમાં રહેતી એક યુવતીને લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ બાંધ્યા બાદ વિશ્વાસઘાત કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરત શહેરના વરીયાવ ખાતે રોહિતવાસમાં રહેતા રોહન ગણેશભાઈ પરમારે વર્ષ-2023થી યુવતી સાથે ટેલિફોન અને વોટ્સએપ દ્વારા સંપર્ક કરી મિત્રતા કેળવી હતી. રોહને યુવતીને લગ્નનો વિશ્વાસ અપાવ્યો હતો અને જ્યારે યુવતીના ઘરે કોઈ હાજર ન હોય ત્યારે એકલતાનો લાભ લઈ તેની પાસે શરીર સંબંધ બાંધવાની માંગણી કરી હતી.

યુવતીએ આ માંગણીનો ઈનકાર કરતા રોહને તેને દબાણવશ જણાવ્યું હતું કે, આપણા લગ્ન નક્કી જ છે અને માતા-પિતા પણ રાજી છે, જો તું અત્યારે સંબંધ નહીં બાંધે તો હું તારી સાથે લગ્ન નહીં કરું. આમ, લગ્ન ન કરવાની ધમકી આપી યુવતીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યા બાદ બંને પક્ષે લગ્નની તારીખ પણ નક્કી કરવામાં આવી હતી. જો કે, લગ્નનો સમય નજીક આવતાં જ રોહને લગ્ન કરવાનો ઈનકાર કરી યુવતી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આખરે ભોગ બનનાર યુવતીએ ન્યાય માટે પોલીસનું શરણું લીધું છે. યુવતીની ફરિયાદના આધારે કોસંબા પોલીસે રોહન પરમાર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલોદ પોલીસ ચોકીના પી.એસ.આઈ. એ.ડી.ધાંધલે આરોપીની ધરપકડ કરવા માટેનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

# આંબીયામાં ગોચર જમીન પર સરપંચે ઘર બનાવી દીધું!

**ગામના** તલાટી અને તાલુકા વિકાસ અધિકારીને ફરિયાદ, છતાં કાર્યવાહી શૂન્ય !

**મહિલા** સરપંચ વિરુદ્ધ કાર્યવાહીની માંગ સાથે ગામના યુવાનોએ કલેક્ટરને લેખિત રજૂઆત કરી



વ્યારાઃ વ્યારા તાલુકામાં આંબીયા ગામમાં ખુદ સરપંચ દ્વારા જ ગોચર જમીનમાં દબાણ ઊભું કરી ઘર બનાવવા આવી રહ્યું હોવાની બૂમ ઊઠી છે. આ બાબતે ગામના તલાટીને વારંવાર રજૂઆત કરવામાં આવી છે તેમજ વ્યારા તાલુકા વિકાસ અધિકારીને પણ અગાઉ ગોચર જમીન ઉપર થઈ રહેલ દબાણને અટકાવવા માટે અને સરપંચ વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

જો કે, આજદિન સુધી તંત્ર દ્વારા દબાણ સામે કોઈ પગલાં ન લેવાતાં ગામના લોકોમાં રોષ વ્યાપ્યો છે. ત્યારે ગતરોજ ગામના યુવાનોએ તાપી કલેક્ટરને લેખિત ફરિયાદ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વ્યારાના આંબિયા ગામમાં ગોચરની જમીનમાં ગામના સરપંચ દ્વારા જ ગેરકાયદે બાંધકામ કરવામાં આવતાં આંબિયા ગામના જાગૃત યુવાનોએ ગામના તલાટી મંત્રી સહિત વ્યારા તાલુકા વિકાસ અધિકારીને ગોચર જમીન પર થતાં દબાણ દૂર કરવા માટે ફરિયાદ કરાઈ હતી. જો કે, વ્યારા TDOએ પણ આ બાબતે કોઈ પગલાં લીધાં ન હોવાથી યુવાનોએ તાપી કલેક્ટરને રજૂઆત કરી હતી.